જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૧૨/૨૦૧૬ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૨૮૫/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી, ૧૦ વ્યક્તિઓને ઝડપી ૧૫૯ લીટર દેશી દારૂ, ૩૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૦૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૨ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૨૧૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૨૮૬/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૮૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૨૨૮૭/૧૬

**એલીસબ્રીજઃ** જીતેન્દ્રભાઇ બાબુલાલ પ્રજાપતી (રહે.પંચશીલ એંકલવ સુવિધા રોડ પાલડી) એ તા.૧૦/૧૨/૧૬ નારોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૮/૧૨/૧૬ રાતના ૮/૩૦ થી તા.૯/૧૨/૧૬ સવારના ૭/૦૦ વાગ્યા દરમ્યાન એલીસબ્રીજ ઇસ્કોન સ્કવેર મહાલક્ષ્મી શાક માર્કેટ ખાતે આવેલ પોતાની દુકાન નંબર-૯ ના ઇન્ટર લોક તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાંથી સોનાની વિંટી કિમત રૂપિયા ૨૦,૦૦૦/-, સોનાનો મુગટ અને સોનાની વાસંળી કિમત રૂપિયા ૨૦,૦૦૦/-, સમસંગ કંપનીનો મોબાઇલ ફોન કિમત રૂપિયા ૫૦૦/- અને રોકડ રૂપિયા ૩,૫૦,૦૦૦/- (જેમાં ૫૦૦ ના દરની જુની નોટ રૂપિયા ૪૦,૦૦૦/-) મળી કુલ રૂપિયા ૩,૯૦,૫૦૦/- મતાની ચોરી કરી લઇ છે. આ ગુનાની તપાસ.પો.ઈ.શ્રી બી એસ રબારી ચલાવે છે.

## સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ- સમાચાર યાદી નં.૨૨૮૮/૧૬

**રામોલઃ** સંગીતાબહેન વા/ઓ કિશોરભાઇ ચાંપાનેરા (ઉ.વ.૩૬) (રહે.વેરોના રેસીડેન્સી હરિક્રિષ્ણ ડાયમંડની બાજુમા વ્રજ ચોક સુરત) તા.૮/૧૨/૧૬ રાતના ૯/૧૫ વાગ્યાના સુમારે વસ્ત્રાલ વૃદાવન વાટીકા ક્રીશ એવન્યુ-૨ ફ્લેટ સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે નંબર પ્લેટ વગરની એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ સંગીતાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૧૫,૦૦૦/- અને સોનાનો હાર કિમત રૂપિયા ૨૦,૦૦૦/- મળી કુલ કિમત રૂપિયા ૩૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ સંગીતાબહેન ચાંપાનેરાએ રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી આઈ સોલંકી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૨૮૯/૧૬**

**સરદારનગરઃ** આકાશ સંજયભાઇ વાઘેલા (રહે. રમેશદત્ત કોલોની સરદારનગર) એ તા.૯/૧૨/૧૬ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧/૧૨/૧૬ કલાક ૭/૪૦ વાગ્યાના સુમારે રાધાબહેન પુનભાઇ વાઘેલા (ઉ.વ.૮૦) (રહે.ઇન્દ્રીનગરના છાપરા રવિ પેટ્રોલ પંપ પાસે) ઘર નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાઇકલ નંબર જીજે ૧૮ એમ ૮૬૧૩ ના ચાલકે મોટર સાયકલ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી રાધાબહેનને ઠક્કર મારતા સારવાર દરમ્યાન તા.૮/૧૨/૧૬ સાંજના ૬/૫૦ વાગે રાધાબહેનનુ મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ.પો.સ.ઈ.શ્રી એલ જી ખરાડી ચલાવે છે.

**સાતમા માળેથી પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૨૯૦/૧૬**

**મણીનગરઃ** દિલીપભાઈ ઉર્ફે દલપતભાઈ કેશવભાઈ પરમાર (ઉ.વ.૬૦) (રહે.મનસુરીની ચાલી અમરાઈવાડી) તા.૯/૧૨/૧૬ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે સ્વામિનારાયણ મંદિર રામબાગ શ્યામ સાઈ સાઈટ ઉપર સાતમા માળે કામ કરતા હતા ત્યારે સાતમા માળેથી નીચે પટકાઈ જતા ગંભીર ઈજાઓ થતા તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે મણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી પી એસ ખરાડી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૨૯૧/૧૬**

**શહેરકોટડાઃ** ઉર્વશીબહેન ડો\ઓ દીલીપભાઇ રાઠોડ (ઉ.વ.૧૯) (રહે. અંબિકાનગરની ચાલી નરોડા રોડ સૈજપુર બોઘા) એ કોઈ કારણસર તા.૯/૧૨/૧૬ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે પોતાના શરીર ઉપર શરીરે કેરોસીન છાંટી સળગી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ શ્રી જે.એ.બારોટ ચલાવે છે.

**રિવરફ્રન્ટ વેસ્ટઃ** મિલન મહેન્દ્રભાઈ (ઉ.વ.૨૮) (રહે. ખસીપુરા, રાયપુર દરવાજા બહાર, ખાડીયા) એ અગમ્ય કારણસર તા.૯/૧૨/૧૬ કલાક ૧૦/૧૦ વાગ્યા પહેલા કોઈપણ સમયે સાબરમતી નદી પશ્ચીમ છેડે રેમ્પ નંબર-૩ પાસે સાબરમતી નદીના પાણીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હસમુખભાઇ મગનભાઇ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)